Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉડતાં તંગી



• નિરંજન વર્મા • જયમલ્લ પરમાર •

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ओ३म् *

पुस्तक-संख्या २४ ज१/५

पंजिका-संख्या २१७.६९/२६.३.२००३

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है । कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પક્ષી-પરિચય ગ્રંથાવલિ: પુ. ૨

ઊડતાં ભંગી

ऋते ज्ञानान्न मुक्तिः
पुस्तक सं० ५.५.प्र./८
आगत सं० ३१७६१
दिनां० ३-६-८३
गुरुकुल ग्रन्थालय कांगडी.

લેખકો
નિરંજન વર્મા
જયમલ્લ પરમાર

CHECKED 1973
Initial

સ્ટોક પ્રમાણીકરણ ૧૯૮૪-૧૯૮૫

ભા૨તી સા હિ ત્ય સં ઘ
૧૩૮, મેડોઝ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ
૧૬, શ્રીમાળી સોસાયટી, અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અરુણ પુસ્તકમાળા

આવૃત્તિ પહેલી

૧૦૦૦

જૂન - ૧૯૪૪

[સર્વ હક્ક લેખકોને સ્વાધીન]

મૂલ્ય

૦-૨૦-૦

· પ્રકાશક ·

શ્રી મોહનદાસ પુરુષોત્તમ ગાંધી
આરતી સાહિત્ય સંઘ
શ્રીમાળી સોસાયટી · અમદાવાદ

· મુદ્રક ·

ચંદુલાલ જેઠાલાલ વ્યાસ
સ્વાશ્રય મુદ્રણાલય
સૌરાષ્ટ્ર રોડ · રાણપુર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમર્પણ

બિન્દુ-ભારતીને

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

ગુજરાતી બાલસાહિત્યમાં પક્ષી વિષે શાસ્ત્રીય જ્ઞાન આપનારાં પુસ્તકો હજી સુધી બહાર પડ્યાં નથી. એકાદ–બે પુસ્તિકાઓ બહાર પડી છે ખરી, પણ એ આ વિષયની ખોટ પૂરી પાડી શકે તેવી નથી. આ 'પક્ષી–પરિચય ગ્રંથાવલિ'નો ઉદ્દેશ એ ખોટને પૂરી પાડવાનો છે.

તદ્દન શાસ્ત્રીય જ્ઞાન બાળકોને અઘરું ન થઈ પડે એ માટે તેની લેખનશૈલીને રસિક કરવા માટે બાળકો નાનપણથી જે જોડકણાં, ગીત અને વાર્તાઓ દ્વારા સહેજે પક્ષીઓના પરિચયમાં આવેલ હોય છે તેનો આમાં ઉપયોગ કર્યો છે. અલબત્ત, એ ગીતો–વાર્તાઓમાં જે વસ્તુ અ-શાસ્ત્રીય માલૂમ પડી છે એ તરફ શાસ્ત્રીય હકીકત રજૂ કરી લક્ષ દોર-વામાં આવ્યું છે.

દરેક પુસ્તિકામાં આપેલ પક્ષી-ઓનું ઝૂમખું શાસ્ત્રીય વર્ગીકરણ પ્રમાણે નથી ગોઠવ્યું, પણ બાળકોનું આકર્ષણ સાદ્યંત જળવાઈ રહે એ હેતુથી પક્ષીઓના ઓછા–વધતા સ્વ-ભાવસામ્યને ખ્યાલમાં રાખીને ગોઠ-વ્યું છે.

નિરંજન વર્મા
જયમલ્લ પરમાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊડતા ભંગી

૧. કાગડો
૨. સમંળી
૩. ગીધ

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અ • નુ • ક્રં • મ

૧. કાગડો	૫–૨૦
૨. કાશીનો કાગડો	૧૯
૨. સમળી	૨૧–૩૪
૨. રાજસમળી	૩૩
૩. ગીધ	૩૫–૫૦
૨. ગીધ અથવા ગરજડાં	૪૧
૩. રાજગીધ	૪૬
૪. ઘુઘડ અથવા સફેદ ગીધ	૪૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંગણાનો ભંગી

કાગડો



કૂવા, કૂવા, કૂવા દેવા !
આંગણ આવ્યા કાગદેવા,
આલો પાણીડાં,
ધોઉં ચાંચુડી,
આઉં ટોકીણું,
બહૂફૂ બહૂફૂ વાગે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખેતરની વાડ પાસે એક પાકું કોઠીંબું (ચીભડું) પડ્યું હતું. કાગડો તેને ખાવા ગયો. તરત કોઠીંબું બોલી ઊઠ્યું : 'પહેલાં તારી ગંદી ચાંચ ધોઈ આવ, પછી મને ખાજે.' કાગડે ચાંચ ધોવા માટે કૂવા પાસે પાણી માગ્યું. કૂવો કહે : 'ઘડો લાવીને સીંચી લે ને! કોણ ના કહે છે?' પછી તો કાગડો ઘડા માટે માટી લેવા ટીંબા પાસે ગયો. માટી ખોદવા હરણ પાસે શીંગડી માગી જોઈ. હરણની શીંગડી પડાવવા કૂતરાની મદદ માગી. કૂતરાની ભૂખ મટાડવા ગાય પાસે દૂધની માગણી કરી. ભૂખી ગાયને ખવરાવવા માટે જંગલમાં ઘાસ લેવા ગયો. ઘાસ વાઢવા માટે દાતરડું લેવા લુહારની કોઢે પહોંચ્યો. એમ ઘણે ઘણે ઠેકાણે રખડીને જોઈતી ચીજો મેળવી અને છેવટે કૂવામાંથી પાણી કાઢ્યું. ચાંચ ધોઈ સાફ કરી અને પછી લહેરથી કોઠીંબું ઉડાવ્યું....બડૂક્‌.... બડૂક્‌...બડૂક્‌....

આવા ઉદ્યમી કાગડાને હંસ, કાબર કે કોયલ સાથે સરખાવીને કેમ ઉતારી પાડ્યો હશે?

હંસને એકધારું ઊડતાં જોઈને કાગડો કહે : 'એક જ રીતે ઊડતાં આવડે છે ને? એમાં શું? મને તો પચાસ રીતે ઊડતાં આવડે છે.' હંસ અને કાગડા વચ્ચે હરીફાઈ થઈ. દરિયો પાર કરવા ચાલ્યા. પ્રથમ તો કાગડાએ ઊંચે, નીચે, આડે, અવળે ઊડીને ઊડવાની પચાસ રીત બતાવી. પછી તો દરિયો શરૂ થયો. કાગડાભાઈ થાક્યા. પાણી પર પાંખો પછાડવા લાગી. હંસ મદદે પહોંચ્યો અને પાંખ પર બેસાડીને એને બચાવી લીધો.

કાબર સાથે કાગડાએ ભાગમાં ખેતી શરૂ કરી. ખેતર ખેડતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાગડાની ચાંચ તૂટી. તેને સરખી કરાવવા એ લુહારને ત્યાં ગયો. ઘણા દિવસ થયા પણ કાગડો પાછો ન આવ્યો. કાબરે આવતા રહેવાનો સંદેશો મોકલ્યો એટલે ઠાંગી કાગડાએ કહેવરાવ્યું કે :

ડાગાઠેયા કરું છું,
ચાંચુડી ઘડાવું છું,
જાઓ કાબરબાઇ ! કાલ વહેલો આવું છું !

ખેતરમાં બાજરો ઊગ્યો. બાજરો નીંદવાની વખતે કાબરે કાગડાને બોલાવ્યો. જવાબ એનો એ આવ્યો. બાજરો મોટો થયો, પાક્યો, લણણી થઈ, બળામાં આવ્યો–દરેક વખતે કાબરે સંદેશો કહેવરાવ્યો, પણ કાગડાનો એનો એ જવાબ આવ્યો.

છેવટે બળામાં બાજરો તૈયાર થઈ ગયો ત્યારે કાગડાભાઈ હાજર થયા. પણ કાબર એના માથાની નીકળી. એણે બાજરાનો ઢગલો જુદો તારવ્યો અને બાજરાનાં ડૂંડાંમાંથી નીકળેલ ડૂંસાંનો ઢગલો જુદો કર્યો. ડૂંસાંના ઢગલા પર બાજરાના થોડાક દાણા વેર્યા. નાના–મોટા ઢગલામાંથી ગમે તે પસંદ કરવાનું કહેતાં કાગડાભાઈ તો ટપ લઈને મોટા ઢગલા પર બેસી ગયા. કાબરને ભાગે નાનો ઢગલો આવ્યો. કાગડાભાઈએ તો રાજી થઈને ત્યાં જ બાજરો ખાવાનું શરૂ કર્યું. થોડાક દાણા આધા બાદ ચાંચમાં ડૂંસાં ભરાઈ ગયાં ત્યારે જ તેને ખબર પડી કે લુચ્ચાઈ કરવા જતાં પોતે જ આબાદ બની ગયો છે !

કોયલ સાથે એના રાગની સરખામણી કરતાં ભક્ત મીરાંબાઈએ પણ ભજનમાં ગાઈ બતાવ્યું કે:

કોયલ ને કાગડો એક જ રંગી,
પણ કહવી છે કાગડાની વાણી રે.....

CC-0: In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ, ઘણી રીતે કાગડાને બીજાં પંખીની સરખામણીમાં હલકો ગણી લીધા બાદ અપશુકનિયાળ પણ માની લીધો છે. સીતાજીને વનવાસ મૂકવા લક્ષ્મણ જતા હતા ત્યારે પહેલી પોળમાં દાખલ થતી વખતે કાગડા બોલેલા. કાગડાના બોલ અપશુકનિયાળ મનાતા. બસ, સીતાજીને વનવાસમાં દુઃખ પડયાં તેનું કારણ કાગડાને જ ઠરાવી દીધો! એ પછી હજીયે ગામ–પરગામ જતી વખતે સામે કાગડા બોલે તો અપશુકન મનાય છે અને લોકો પાછા ફરી જાય છે.

શા માટે કાગડાને બીચારાને આટલો બધો હલકો ઠરાવી દીધો હશે? તેના કાળા રંગ અને કઠોર રાગને કારણે?

ચાલો એનો રંગ નીરખીએ. ફળિયાના ઝાડ પર, આંગણાના ચોકમાં અને કયારેક ઓસરીના ઉંબરમાં તે આવી પહોંચે છે. એ વખતે ઝીણવટથી જોજો. એના શરીર પર બે જ રંગ છેઃ આખે શરીરે કાળો રંગ અને ગરદન ફરતો ભૂખરો ધોળો રંગ. પણ એનો કાળો રંગ તેજહીન નથી હોતો. સવારને પહોર સૂરજનાં બાળકિરણો તેના પર પડે છે ત્યારે તેમાંથી જાંબલી અને લીલવા રંગના ચળકારા ઊઠતા હોય છે. એનો રંગ કોયલથી જરાયે ઊતરતો નથી. ભગવાનની ઘોડી મનાયેલી સમળી કરતાં તો એનો રંગ ઘણો સારો છે. છતાં એના રંગને કેમ ઉતારી પાડયો હશે?

હવે એનો કંઠ સાંભળીએ. મોટે ભાગે તો કાનને કઠોર લાગતો કા....કા....શબ્દવાળો જ એનો રાગ આપણે સાંભળીએ છીએ. પણ સવારને પહોરે ઊઠતાંવેંત તેઓ એક સાથે કા....કા...શબ્દ બોલે છે તેમાં ઘણી મુલાયમતા હોય છે. ઉનાળાને બપોરે લીંબડે બેઠેલા કાગડાને સાંભળજો. લીંબડાના ઝુંડમાંથી 'કલૂં કલૂં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલૂંક....ટણણુણુ ટૂંકૂ....' એવા શબ્દોવાળો એનો રાગ ભારે મીઠો હોય છે. ઉનાળાના તડકામાંયે એમાંથી શાંતિ ઝરતી હોય છે. એનાં બચ્ચાં ખોરાકની રાહમાં જે કાલા બોલ બોલે છે એમાં તો કોઈ પણ પંખીનાં બચ્ચાં જેવી જ મીઠાશ હોય છે. છતાંયે એના રાગને કોયલના રાગ સાથે સરખાવીને ઉતારી પાડવામાં આવ્યો છે.

પણ એના આવા કઠોર રાગને પણ આવકાર દેનાર છે બરાં. શહેરમાં શું કે ગામડાંમાં શું, સવારમાં પાણી ભરતી કે વાસણો માંજતી બહેન કાગડાને ફળિયામાં આવી બેસતો જુએ તો બોલેઃ ઊડી....બેસજે કાગડા....મારો ભાઇ આવતો હોય તો....' એમ કહીને હાથ ઊંચો કરે અને કા....કા.... શબ્દ બોલતો કાગડો ઊડી બેસે તો બહેન માને કે પરદેશ ગયેલો એનો ભાઇ થોડા વખતમાં આવી પહોંચવાનો.

એ જ રીતે પોતાના પતિથી દૂર પડેલી પત્ની પણ કાગડાના આગમનને શુભ માને છે. તેથી ગુજરાતી તથા રાજસ્થાની કેટલાયે દુહામાં પત્નીએ કાગડાને સંદેશવાહક તરીકે પતિ પાસે મોકલ્યાનો ઉલ્લેખ આવે છે.

પણ આ રીતે એને આવકાર દેનારાં ઘણાં થોડાં લોકો છે.

એને ઉતારી પાડવાનું તો કારણ બીજું લાગે છે. કાગડો આપણાં આંગણાં, ઉકરડા અને પાદરના કચરાનો ભંગી છે. જ્યાં જ્યાં ગંદકી ભાળે, કોહેલું અનાજ કે સડેલું માંસ ભાળે, ત્યાં કાગડો જઈ પહોંચે. ગંદકી અને સડાને તે ખાઈ જાય. આખા પ્રદેશને સાફ કરી દે. ગંદકી સાફ કરનાર ભંગીઓની જેમ કાગડાને પણ લોકોએ હલકો ગણી લીધો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ આટઆટલી ગંદકી ખાવા છતાં કાગડાનો દેહ કદીયે ગંદો જોયો છે? ગમે એવું કોહાણ કે માંસ ખાધા પછી પણ એનું શરીર તદ્દન ચોખ્ખું હોય, ચળકાટ મારતું હોય—જાણે હમણાં જ સ્નાન કરી ચાલ્યો આવે છે!

એની નીડરતા અને ચાલાકીએ લોકોને થકવી દીધા હોય તો ના નહિ. ભારે ચકોર અને ચાલાક પંખી. હિંમતવાન તો એટલો કે માણસના હાથમાંથીયે ખાવાની ચીજ ઉપાડી જવામાં તે પાછો ન હઠે. ઘરમાંથી એઠા વાટકા કે પ્યાલા તો એ ઘણી-વાર ચાંચમાં ભરાવી ઉઠાવી જાય છે. કયારેક તપેલાં પણ ઘસડી જવાની હિંમત કરી નાખે છે. રસોડા માથે એ ઝપટો મારતો હોય છે. બન્દરમાં કંદોઈઓને હેરાન કરતો હોય છે. રેંકડી-વાળાઓને પણ રાડ નખાવતો હોય છે. પોતાની ધારી ચીજ ઉપાડી ગયે છૂટકો કરે. છતાં કોઈના નિશાનમાં આવીને માર ખાય તો તો એ કાગડો નહિ.

ચકોર તો એટલો બધો કે એને મારવા પથ્થર ઉઠાવીએ, છતાં જો ઢોંગ કરતા હોઈએ, તો એ ઊડે જ નહિ. પણ છાના-માના પથ્થર લઈને સાચોસાચ મારવા જઈએ તે પહેલાં તો એ ઊડીને કયાંયે બેઠો હોય!

ચકોરપણાને કારણે જ આપણે ત્યાં કહેવતો પડી ગઈ છે કે: 'લુચ્ચો છે એ તો કાગડા જેવો! આંખ જો ને કાગડા જેવી! એ કાગડો તો વાણિયાના મોઢામાંથીયે દહીંથરું કાઢી આવશે!'

લોકો તો વળી માને છે કે કાગડાને બે આંખ વચ્ચે એક જ ડોળો હોય છે. જે બાજુ જોવું હોય તે બાજુની આંખમાં તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડોળો પહોંચી જાય છે અને કાગડો જોઈ લે છે. પણ આ વાત તદ્દન ખોટી છે. કાગડાની ચાંચ લાંબી અને આંખ સામે જ હોય છે, એ કારણે એને જે બાજુ જોવું હોય તે બાજુ આખું માથું વાળવું પડે છે. આ કારણે તેને એક આંખ છે તેમ મનાયું હશે.

અલબત્ત, આ કલ્પના પાછળ રામાયણનો એક પ્રસંગ છે અરે. ઇંદ્રનો પુત્ર જયંત સીતાજીના રૂપ પાછળ ગાંડો થયેલો. સીતાજીને અડકવા માટે તેણે કાગડાનું રૂપ લીધું અને સીતાજીના પગ પર ચાંચ મારી ગયો. રામ એને ઓળખી ગયા. તેમણે પાસે પડેલી સળીને બાણનું રૂપ આપીને કાગડા પર ફેંકી. તેમાંથી બચવા માટે તે ઇંદ્ર, બ્રહ્મા, શંકર બધા પાસે જઈ આવ્યો, પણ ન બચી શકયો. છેવટ રામને શરણે આવીને ક્ષમા માગી એટલે રામે બાણ પાછું ખેંચી લીધું. પણ એના કુકર્મની સજારૂપે એની એક આંખ ફૂટેલી રાખી. લોકો માને છે કે ત્યારથી કાગડાને પણ એક જ ડોળો થઈ ગયો.

આ ચકોર કાગડો એકલો બેઠો હોય ત્યારે એનો નિશાન ચૂકીને શિકાર કરવો ઘણો મુશ્કેલ ગણાય છે. પણ એના ટોળામાંથી એકાદ મરે તો ટોળેટોળાં ભેગાં થઈ જાય અને પિસ્તોલના છરાનો ભોગ બનીને કેટલાયે મરી જવાના. ઘણા રાજકુમારોને નિશાનબાજીની શરૂઆત કાગડાના શિકારથી કરાવવામાં આવે છે.

લોકોનો સંગ એને બહુ ગમે. જ્યાં જ્યાં માણસજાત પહોંચે ત્યાં કાગડો પહોંચી જવાનો. દૂરદૂરનાં જંગલોમાં પડેલાં એકલ-દોકલ ઝૂંપડાં કે નેસ સુધી એ પહોંચી જાય છે. એથી દૂર એ નથી જતો. લોકો ત્યાંથી પાછા ફરે તો તે પણ આવતો રહે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સવારના પહોરથી જ જુઓ તો એનું જીવન ક્રિયાશીલ અને ટોળાંમય. ગામડાંની આસપાસનાં ઝાડોમાં એકીસાથે રાતવાસો કર્યો હોય, ત્યાંથી સવારના ૫–૬ વાગે તે જાગે. ૧–૧॥ કલાક એ જ ઝાડ પર બેઠા બેઠા કા....કા....બોલ્યા કરે ને આમતેમ ઊડયા કરે. એ પછી ધીમે ધીમે ટોળાં બાંધી ખોરાક મેળવવા જંગલ તરફ ઊપડે. એમની આ ટોળાં બાંધીને જંગલમાં જવાની રીત મનોહારી હોય છે. ગામને પાદર ઝાડ પર સેંકડો કાગડા ભેગા થાય. તેમાંથી અમુક ટોળું વળીને ઊડવા લાગે, થોડે સુધી ઊડીને પાછા ફરે. વળી ઊડે, વળી પાછા આવે. એમાંથી થોડાક આગળ વધતા જાય; બાકીના બીજા કાગડાઓને સાથે લેવા પાછા ફરતા જાય. કલાક–દોઢ કલાક સુધી આ ક્રિયા ચાલે. એટલા વખત પછી તો ત્યાં એક પણ કાગડો બાકી ન હોય.

એવો જ દેખાવ સાંજનો. આખો દિવસ ખોરાક ખાઈ ને, ગોધણને પાછા ફરવાને વખતે એમનાં ટોળાં ગામ તરફ આવવા લાગે. અનેક કાગડાઓનાં ટોળાં હારબંધ ઊડતાં આવતાં હોય– ગામની ચારે તરફ જાણે પાણીનાં પૂર ધસ્યાં આવે છે! ગણી-ગણીને તથા જોઈજોઈને થાકીએ, પણ એમનાં પૂર ન તૂટે. ગામમાં કાગડા સિવાય બીજું પંખી જ વસતું નથી એમ લાગે. એક એક ગામમાં ઓછામાં ઓછા ૧૦–૧૫ હજાર કાગડા સહેજે હોય છે એવી ગણતરી થઇ છે.

સંધ્યા–સમયે તેઓ આખા ગામને તેમના કાગારવથી ધ્રુજાવી મૂકે. મંદિરમાં થતા ઝાલરના ઘંટારવમાં ધીમે ધીમે તેમના અવાજ ડૂબી જાય અને તેઓ ઝાડ પર પોઢી જાય તે વહેલી પડે સવાર! સવારના છ સુધી એકધારી ઊંઘ ખેંચી કાઢે. અજ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાળી રાતોમાં કયારેક જાગીને કાં....કાં....કાં....કરી મૂકે અરા. એક ઝાડેથી બીજે ઝાડે લટાર મારી આવે અને ઓછી ઊંઘવાળા લોકોની ઊંઘમાં અલેલ પહોંચાડે. અલબત્ત, તેના બદલામાં એવા લોકોની ગાળો ને પથ્થરો આવાં પડે અરાં.

કાગડાનો ખોરાક જુઓ તો કચરો અને કોહાણ. ફળફળાદિ અને અનાજ પણ ખાય, પરંતુ વધારે તો એ માંસાહારી છે. અળસિયાં, સાપોલિયાં, તીડ કે વાણિયાને એ દેખ્યાં ન મૂકે. દિવસને વખતે ઉંદર નજરે ચડે તો માર્યા વગર ન મૂકે. ચોમાસામાં દેડકાને દેખે તો જીવતા ન મૂકે. ચોમાસામાં ઊભરાઈ પડતી જીવાતને ખાધા કરે. આવાં જીવડાં ખાઈને તે ખેતીને ઘણો મદદગાર થાય છે. તેનો આ ગુણ જોઈને મલાયા અને આફ્રિકામાં તેને લઈ જઈને વાસ વસાવવામાં આવ્યો છે.

ગામને પાદર બકરાંતાં મરેલ ઢોરનાં હાડપિંજરોમાંથી માંસ ખાવા માટે તે ગીધ અને સમળીની સાથે પહોંચી જાય છે. જે ઘરના આંગણામાં લીંબડો હોય તે આંગણું કાગડે વેરેલાં હાડકાં અને માંસના ટુકડાથી પવિત્ર થતું જ રહે! હાડકાં વેરવાને કારણે જ તેનું 'હાડિયો' એવું નામ પડી ગયું છે.

એને મનગમતો ખોરાક જોઈએ તેટલો મળી રહે છે તે કારણે કાગડાની જાત વિકસતી જ જાય છે. આખા દિવસનું ઉદ્યમી જીવન તથા મનગમતા ખોરાકને કારણે એ જીવે છે પણ ઘણું. એનું આયુષ્ય લગભગ સો વર્ષનું મનાય છે. આટલું લાંબું જીવન ધરાવતો કાગડો મરણ પામતો ઓછો દેખાય છે. તેથી લોકો તો એને અમર જ માને છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાગડો કેવી રીતે અમર થયેા એની લેાકેાએ વાર્તા પણ ઉપજાવી કાઢી છે. દેવેા અને દાનવેાએ અમૃત મેળવવા સમુદ્ર-મંથન કરેલું. અમૃત નીકળ્યું ત્યારે દેવેાની સાથે રાહુ અને કેતુ નામના દાનવેા પણ ચંદ્રની પાછળ છુપાઈને અમૃત પીવા લાગેલા. આ દાનવેાની પાછળ લપાઈને કાગડો પણ અમૃતના છાંટા પી ગયેલેા તેથી એ અમર બની ગયેા !

આ કલ્પના એથી આગળ ચાલી છે. કાગડાનું માંસ પણ જો ખાવામાં આવે તેા અમર બની જવાય એમ લેાકેા માને છે. આવી માન્યતાને કારણે જ્ઞાની અને ડાહ્યા રાજા વીર વિક્રમે પણ મેાતને સમયે લાલચમાં પડીને કાગડાનું માંસ ખાધેલું એમ કહેવાય છે. ડાહ્યા માણસેા પણ ભૂલ કરી બેસે ત્યારે રાજા વીર વિક્રમનેા આ પ્રસંગ દાખલા તરીકે અપાય છે.

લાંબું આયુષ્ય ધરાવતા કાગડાની સંખ્યા પર ઘુવડ કાબૂ રાખે છે. ઘુવડને કાગડાનાં ઈંડાં બહુ ભાવે છે. રાતે કાગડા સૂતા હેાય ત્યારે ઘુવડ તેનાં ઈંડાં સાફ કરી જાય છે. આથી, દિવસને વખતે જો ઘુવડ નજરે પડે તેા કાગડા એને દીઠું મૂકતા નથી. એકીસાથે આસપાસમાંથી કાગડા ભેગા થઈને તેની પાછળ તૂટી પડે, ચાંચેાની ઝડી વરસાવે અને ઘુવડને કયાંયે તગડી આવે.

ઘુવડને જ શા માટે ? ગરુડ આવે તેા ગરુડ અને સમળી એના માળા પાસે આવે તેા સમળીની પાછળ પણ એ પડે. કાગડો કાંઇ ગરુડ કે સમળીને મારી શકે તેટલેા જોરાવર નથી. પણ એની જાત ભારે સંપીલી છે. એક કાગડાના કકળાટે તેા ઘડીવારમાં અનેક કાગડા આવી પહેાંચે અને શત્રુ પર તૂટી પડે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમના આવા સમૂહના જોરને લીધે જ તેઓ પંખીસમાજમાં કોઇ પણ પંખીને ડરાવતા ફરે છે.

એમનો આ સમૂહગત સ્વભાવ બાવાને સમયે સ્વાર્થી બની જતો નથી. એકાદ કાગડો ખોરાકનો મોટો જથ્થો ભાળે કે તરત કા....કા....કરીને અન્ય કાગડાને બોલાવે. સૌ પોતપોતાનો ભાગ ઉઠાવીને દૂર જઈ બેસે અને ખાવા લાગે.

કાગડો અનાજ, ઊવડાં, માંસ વગેરે બાય ખરો, પણ એનો મનગમતો ખોરાક તો પંખીઓનાં ઈંડાં. ઝાડેઝાડ કે વાડેવાડમાં કયાંયે ઈંડાંની ગંધ આવે તો કાગડો પહોંચી જાય. પંખીનાં નાનાં બચ્ચાંને પણ ન છોડે. ઝાડની બખોલમાં ઊંડે ઊંડે મૂકેલાં ઈંડાં પણ બહાર ખેંચી કાઢે. પંખીસમાજમાં લગભગ અર્ધાં ઉપરનાં ઈંડાં કાગડા સાફ કરી નાખે છે એવો અભ્યાસીઓનો અંદાજ છે.

બીજાં પંખીઓનાં ઈંડાં ઉડાવી જનાર કાગડો પોતાનાં ઈંડાં અને બચ્ચાંનું ભારે રક્ષણ કરે છે. જાહેર રસ્તા પર મોટે ભાગે લીંબડા પર એ માળા બાંધે છે. જાતજાતની લાકડીઓ, લીંબડાની સળીઓ અને ઘાસનાં મૂળિયાંથી તે માળાનું બાંધકામ કરે. માળાને ઝાડ સાથે મજબૂતીથી બાંધી દે. માળો બાંધવામાં કાગડો બધી ચીજો લાવતો જાય અને કાગડી માળો બાંધતી જાય. ભાવનગરમાં કૃષ્ણનગર આસપાસ આશરે સો જેટલા માળામાં અમે લોઢાના સળિયા જોયેલા. આસપાસ રખડતા સળિયાનો ઉપયોગ કરી કાગડાઓએ માળાને ભારે મજબૂતીથી બાંધેલા. ગમે એટલું જોર કરીએ, પરંતુ એક પણ વાળો ન ઊખડે. વળ દઈ દઈને ડાળી આસપાસ વાળાને વીંટી દીધેલા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુંબઈમાં કાગડાના એક જોડાએ સોનારૂપાનાં ચશ્માંના દાંડલાથી માળો બનાવેલ. એ દાંડલાની કિંમત આશરે ચારસો રૂપિયાની હતી. મદ્રાસની ટીન-બજારમાં ટીનનાં પતરાંનો બનાવેલો એક માળો હાથ લાગેલો.

કાગડાના માળા પરથી આપણા બેડૂતો વરસાદની આગાહી કરે છે. તેઓ માને છે કે જે વરસે વરસાદ ઓછો પડવાનો હોય તે વરસે કાગડા ઊંચી ડાળે માળા બાંધે છે. અને જે વરસે વરસાદ વધારે પડવાનો હોય ત્યારે નીચેની ડાળોમાં બાંધે. જે વરસે વાવાઝોડાં કે તોફાનની બીક હોય ત્યારે તેઓ ઝાડની વચ્ચોવચ્ચ માળા બાંધે છે.

જૂન-જુલાઇ માસમાં એ ચારથી છ ઈંડાં મૂકે. જે ઝાડ પર તેણે ઈંડાં મૂકયાં હોય તે ઝાડ પર બીજાં પંખીને આવવા ન દે કે માણસને પણ પગ મૂકવા ન દે. એ જ વખતે લીંબડા પર લીંબોળીઓ પાકે છે. કાગડાના માળાવાળા લીંબડે કયારેક લીંબોળીઓ ખાવા માટે ચડી જોજો! કાગડો અને કાગડી બંને તમારી પાછળ પડવાનાં અને ઠણક (ચાંચના ઘા) મારીને લોહી કાઢવાનાં.

એનાં ઈંડાંનો રંગ લીલાશ પડતો વાદળી હોય છે અને તેમાં આછા કાળા રંગનાં છાંટણાં હોય છે. કાગડો-કાગડી બન્ને ઈંડાં સેવવા બેસે છે. ઈંડાંમાંથી બચ્ચાં નીકળ્યા બાદ કાગડો-કાગડી બંને બચ્ચાંને માટે ખોરાક લાવીને ખવરાવે છે અને ઉછેરી મોટાં કરે છે.

માણસજાત અને પંખીસમાજને હેરાન કરતા કાગડાને નર-કોયલ પહોંચ્યો છે. કાગડી ઈંડાં સેવવા બેસે કે નર-કોયલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાસેના ઝાડ પર આવીને બેસે છે અને પોતાનો એકધારો ટહુકાર શરૂ કરે છે. કાગડો એનો એ ટહુકાર સહન નથી કરી શકતો, તેથી તેને નસાડવા તેની પાછળ પડે છે. આ રીતે નર-કોયલ કાગડાને દૂર ખેંચી જાય, કાગડી પણ એને મારવા માટે પાછળ દોટ મૂકે છે. પાછળથી માદા-કોયલ પોતાનાં ઈંડાં કાગડાના માળામાં મૂકીને છટકી જાય છે. નર-કોયલને નસાડીને પાછી ફરેલી કાગડી એના સ્વભાવ અનુસાર ઈંડાં સેવવા લાગે છે. એને ખબર પણ નથી પડતી કે તેના માળામાં બીજાં ઈંડાં મુકાઈ ગયાં છે!

કોયલનાં ઈંડાં સેવ્યા પછી એમાંથી બચ્ચાં નીકળે છે ત્યારે પણ કાગડો-કાગડી ભેદભાવ રાખ્યા વગર એમને ઉછેરે છે. કેટલીક વાર તો પોતાનાં બચ્ચાંનેયે ધકેલીને કોયલનાં બચ્ચાંનું તેઓ વધારે લાલન કરે છે.

કોયલનાં બચ્ચાં ભારે બાઝકણાં હોય છે. પોતાનાં ભૂખભાઈ-સમાં કાગડાનાં બચ્ચાંને તેઓ ચાંચો મારીમારીને ધકેલ્યા કરે છે. છતાંયે કાગડો-કાગડી તેમના પર રોષે ભરાતાં નથી. તેઓ મોટાં થતાં હોય છે ત્યારે બબ્બે ખાઉધરાં હોય છે. તેમને ખવરાવવા માટે કાગડા-કાગડીને ગમે તેટલા ફેરા આવા પડે છતાં તેઓ કંટાળતાં નથી.

એથીયે આગળ વાત-કાગડો છે માંસાહારી, કોયલ છે તદ્દન કણુ-આહારી. એટલે કાગડો પોતાનાં બચ્ચાંને જીવડાં ખવરાવે છે પણ કોયલનાં બચ્ચાંને ગમે ત્યાંથી લાવીને ફળ-ફળાદિ ખવરાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોયલનાં બચ્ચાં મોટાં થાય છે ત્યારે કાગડો તેને બોલતાં શીખવે છે. બચ્ચાં કા....કા....શબ્દ બોલવાને બદલે કુઉ....કુઉ..... જવાબ આપે છે. છતાં કોયલને મારવા દોડતાં કાગડો–કાગડી એ બચ્ચાંને તો હેતથી જ ઉછેર્યા કરે છે. કયાં કાગડાનો એકે-એક પંખીને હેરાન કરતો કઠોર સ્વભાવ અને કયાં પોતાનાં દુશ્મનનાં બચ્ચાંનેયે આટલા વહાલથી ઉછેરતો હેતાળ સ્વભાવ! જાણે કાગડો બીજાં પંખીનાં ઇંડાં આવાનું પ્રાયશ્ચિત પારકાં જણ્યાંને વહાલથી ઉછેરીને વાળી રહ્યો છે!

ગૃહસ્થલોકોએ પોતાના ભોજનમાંથી પાંચ કોળિયા પશુ–પંખી માટે કાઢવા એવો ધર્મ–વિધિ છે. તેમાં એક કોળિયો કાગડા માટે કાઢવામાં આવે છે. આ રીતે કાગડો પવિત્ર પંખી ગણાય છે.

એ કલ્પના આગળ વધી છે. અવસાન પામેલા પુરુષો પર-લોકે ગયા બાદ કાગડાને સ્વરૂપે શ્રાદ્ધ જમી જાય છે એવી માન્યતા છે. આખું વર્ષ કાગડાને દેખીને ઉડાડી મૂકતા આપણા લોકો ભાદરવા મહિનામાં શ્રાદ્ધ નાખતી વખતે, 'કા....ગ વાસ, કા....ગ વાસ' એવી લાંબી રાડો નાખીને કાગડાને બોલાવે છે અને પિતૃઓ માટે કરેલ ખીર–રોટલી ઘર માથે નાખીને તેમને બોલાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. કાશીનો કાગડો

જરા ગામ બહાર ફરવા આવો તો કાગડાની એક બીજી જાત બતાવું. શહેરમાં કયારેક લોકોની વસ્તી વચ્ચે તે આવે છે ખરો, પણ મોટે ભાગે તે વગડામાં ને જંગલમાં રહે છે.



કાશીનો કાગડો

આખે શરીરે એનો રંગ કાળો હોય છે. આપણા કાગડાની જેમ એને ગળે ભૂખરો કાંઠલો નથી હોતો. એનો કાળો રંગ પણ આપણા કાગડાથી વિશેષ કાળો ને ચળકાટ મારતો હોય છે. ચાંચથી પૂછડી સુધી કાળા રંગ સિવાય બીજું કાંઈ દેખાય જ નહિ. શરીરે પણ તે આપણા કાગડા કરતાં મોટો હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાઠિયાવાડમાં તેને 'ગિર–કાગડો' કહે છે. ગિરનાં જંગલોમાં તેનું રહેઠાણ છે તેથી કદાચ એ નામ પડી ગયું હશે. એનું બીજું નામ છે 'કાશીનો કાગડો.' કાશી તરફ આવા કાગડાઓની બીજી જાત થાય છે. જૂના સમયમાં આપણે ત્યાંથી લોકો કાશીની જાત્રાએ ગયા હશે ત્યારે ત્યાં એવા કાગડા જોયા અને આ કાગડાને આવું નામ આપી દીધું હશે.

એનું જીવન પણ આપણા કાગડા જેવું જ. ફળાફળાદિ, અન્નના કણ, ગરોળીઓ, ઉંદર, ઈંડાં અને મરેલ પશુનાં હાડકાં પરથી માંસ ખાતા ફરે અને આકાશમાં ઊંચે ઊંચે ઊડયા કરે.

એને દેડકા ખાવા બહુ ગમે. ખાય પણ વિચિત્ર રીતે. નીચે દેડકું જતું જુએ કે નીચે ઊતરીને તેને આકાશમાં ઊંચે સુધી ઉપાડી જાય. ત્યાંથી એને નીચે ફેંકીને ફોદા કાઢી નાખે. એ પછી નીચે ઊતરીને લહેરથી દેડકાના ફોદા વીણીવીણીને ખાધા કરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

29669
26-3-2003
24 JI
5

અપ્સરાનો અવતાર

સમળી



એક હતો રાજા. વિષ્ણુનો મહા ભક્ત. તેને એકેય પુત્ર નહિ. રાજાએ ભગવાન પાસે માગણી કરી: 'ભગવાન, ઓછામાં ઓછા બે પુત્ર તો મને આપો જ આપો.' ભગવાને કહ્યું: 'રાજા! તારા નસીબમાં આ જન્મે તો શું, પણ સાત જન્મમાંયે એકે પુત્ર નથી. કયાંથી આપું?' રાજાએ હઠ લીધી: 'ભગવાન, નસીબમાં હોય તોયે આપો અને ન હોય તોયે આપો.' ભગવાને કહ્યું: 'કહે તો પારકાના છોકરા લાવીને તને આપું. પણ તોફાની નીવડે તો મારો દોષ ન કાઢીશ.' રાજાએ કબૂલ કર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

पुस्तकालय
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડાં વર્ષ જતાં રાજાને ઘેર બે કુંવર અવતર્યા. પણ ૧૨–૧૫ વર્ષના કુંવર થતાં તો એમનાં તોફાનોએ રાજાને તોબા પોકરાવી દીધી. રાજાને હેરાન કરે અને રાજમહેલમાં એકેએક માણસને હેરાન કરે; સામસામા લડે અને રૈયતને પણ હેરાન કરે. રાજા થાકયો. બંનેને જુદા પાડવા માટે રાજ્યના સામસામે છેડે આવેલા પ્રાંતોનો વહીવટ બંનેને સુપ્રત કર્યો. બંનેએ ત્યાં મોટાં મોટાં સૈન્ય જમાવ્યાં. થોડા સમય બાદ એકબીજા પર હલ્લો કરવા સૈન્ય લઈને ઊપડ્યા. બરાબર રાજધાની પાસે બંનેનાં લશ્કર ભેટયાં અને ભયંકર કાપાકાપી ચાલી. રાજાની પાસે લશ્કર બાકી હતું નહિ. તેને તો રાજધાનીના કિલ્લા બંધ કરીને બેસી જવું પડયું. છેવટે તેણે ભગવાન વિષ્ણુને પ્રાર્થના કરી અને આવા પુત્રોથી બચાવવા કહ્યું.

ભગવાન વિષ્ણુએ દેવલોકનું સૈન્ય લાવીને બંને રાજકુમારો પર હલ્લો કર્યો. એક રાજકુમાર ડુંગરની ઓથે રહીને લડી રહ્યો હતો. બીજાએ નદીકિનારે ધામા નાખ્યા હતા. બંનેને હરાવ્યા બાદ વિષ્ણુ ભગવાન પાસે રજૂ કરવામાં આવ્યા. બંનેએ અભય વચન માટે પ્રાર્થના કરી. વિષ્ણુ ભગવાને તેમને માનવદેહ આપવાની તો ના પાડી, પણ પંખીદેહ આપવા હા કહી અને બંને કુમારોએ તેનો સ્વીકાર કર્યો. ભગવાને તેમને સમળીનો દેહ આપ્યો.

બંને જણ સમળી થયા પછી પણ લડે નહિ તે માટે રહેવા માટે જુદાં જુદાં સ્થળ આપ્યાં. ડુંગરની ધાર પર સૈનિકોનાં લોહીનાં ખાબોચિયાં વચ્ચે લડી રહેલા મોટા કુમારને ભૂખરી સમળીનો દેહ આપ્યો. હજીયે તે રાજકુમાર લડાઇના મેદાન પર માંસના લોચા ખાતી સમળીને રૂપે ઊડયા કરે છે. જમીન એનું મુખ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેઠાણ છે. નદીકાંઠે સૈન્ય લઈને પડેલા નાના કુમારને 'રાજ-સમળી'નો દેહ આપ્યો. હજીયે તે પાણીકાંઠે ઊડયા કરે છે અને તે પ્રદેશમાંથી આહાર મેળવીને જીવ્યા કરે છે.

પ્રથમ જમીન પર વસતી સમળીની ઓળખાણ કરી લઈ એ.

એ કૂટ જેવડી એની કાયા છે. રંગ તો ઊડી ઊડીને ઢોળાઈ ગયો છે—જાણે આકાશમાં ચકરાવા લેતાં સૂરજનાં કિરણોએ એના રંગને સૂકવી નાખ્યો છે. સુકાતાં સુકાતાં દેહ પર વધ્યો છે ભૂખરો અને ઝાંખો બદામી રંગ. બદામી રંગનું નામ આપવામાંયે બદામી રંગને નાનપ લાગે તેવું છે. સૂકા ઝાડનાં છોડિયાં જેવો રંગ કહીએ તો ચાલે. ડોક અને પીઠ પર આછાં તલકાં. પાંખના છેડા જરા કાળાશ પડતા. ઊડતી હોય ત્યારે પાંખો અને પૂછડીનો નીચલો ભાગ ઊજળો લાગે. આવા રંગ વચ્ચે પીળા પગ અને કાળી ચાંચ ઊલટો કુરૂપતામાં વધારો કરે છે.

આવો ભૂંડો ભૂખ અને રંગવિહીન દેહ હોવા છતાં આ સમળી આપણે ત્યાં અપ્સરાનો અવતાર મનાય છે. ક્યાં અપ્સરા અને ક્યાં આ કૂવડ સમળી ! આવી માન્યતા કોણે ફેલાવી દીધી હશે ? આ માન્યતા પાછળ ઉપર કહેલ વાર્તાનું અનુમોદન છે. જ્યારે શૂરવીરોના સંગ્રામ જામે, અને લોહીની છોળો સાથે તેમનાં અંગે અંગ કપાવા લાગે, ત્યારે ત્યાં એક જ પંખી હાજર હોય છે—સમળી. ગીધ અને કાગડા આવે ખરાં, પણ મુખ્ય તો સમળી જ. મોત વખતે જે પંખી ભેરુ થઈને દેહ પર બેસે છે તેને શૂરવીરોએ પોતાનું પ્રિયજન માન્યું છે. શૂરવીરોને બિરદાવનાર ચારણોએ સમળીઓને શૂરવીરોનાં મૃત્યુ બાદ તેમને સ્વર્ગમાં પરણવા ઇચ્છનાર અપ્સરાઓ કલ્પી લીધી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આથી, દયાધર્મીઓ પારેવાંને ચણ નાખે, રૂપના રસિયા મોરલા-પોપટને રમાડે તેમ સમળીઓની દોસ્તી શૂરવીરો બાંધે છે. કાઠિયાવાડમાં જેતપુર ગામે માણસિયા વાળા નામે એક ભાગદાર હતા. તેમના જીવનમાં બે જ શોખ હતા-એક તો તલવારની ધારે રણ ખેલવાનો અને બીજો જમ્યા બાદ રોજ સમળીઓને રોટલા ખવરાવવાનો. દરબારગઢની પછવાડે આવેલ ભાદરની ઊંચી ભેખડો પર ઊભીને માણસિયો રોટલાનાં બટકાં ઉછાળે અને આભમાં ઊડતી સમળીઓ ઉપરથી જ એ ઝીલી લે.

સમળીઓનો શોખીન આ માણસિયો વાળો સગાંઓના દગાથી કાળા કોઠામાં કેદ પકડાયો. માણસિયો વાળો ખાતો નથી, પીતો નથી. આસમાન સામે આંખો માંડીને બેઠો છે. આભને આઘે આઘે કાંઠે એક સમળી દેખાઈ. આપા માણસિયે સમળીને સાદ દીધો. સમળી પાંખો સંકેલીને નીચે ઊતરી. આપાએ ભેટ-માંથી કટાર ખેંચી અને પગની પીંડી પર ચીરો માર્યો. ચોસલું કાપીને અદ્ધર ઉલાળ્યું અને સમળીએ આનંદનો અવાજ કરીને અદ્ધરથી જ ઝીલી લીધું. ત્યાં તો બીજી સમળી આવી. તેને પણ ચોસલું ફેંકયું. ત્રીજી, ચોથી, પાંચમી, એમ સમળીઓ આવતી ગઇ અને આપો શરીરમાંથી માંસનાં ચોસલાં કાપી કાપીને ફેંકતો ગયો-સાંજ પહેલાં એણે દેહ પાડી નાખ્યો.

સાંજે આપા માણસિયાની નનામી નીકળી. તેની ઉપર આકાશમાં સમળીઓનાં ટોળાં બંધાઈ ગયાં. શબને અગ્નિદાહ દીધો ત્યારે સમળીઓ નીચે ઊતરી અને શબને વળગી પડી. લોકોએ વાંસડા મારીમારીને સમળીઓને દૂર કરી. આપા માણ-સિયા અને સમળી વચ્ચેના પ્રેમ વિષે તો દુહા જોડાયા, જે હજી પણ કાઠિયાવાડમાં ગવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમળીના માંસ આવાના સ્વભાવવિષયક એક કથા ગુજરાતના રાજા મૂળરાજ સોલંકી સાથે જોડાયેલી છે.

પાટણમાં સંગ્રામસિંહ ચાવડો રાજ્ય કરે. મામા સંગ્રામસિંહને મળવા ભાણેજ મૂળરાજ સોલંકી આવેલ છે. રાતને સમયે મહેફિલ જામી પડી છે. ભાણેજ મૂળરાજની વાતો સાંભળીને મામો ખુશ થઈ ગયો. કહ્યું : 'માગ, માગ ભાણેજ, જે માગે તે આપું.' ચતુર મૂળરાજે 'લીંબુ-ઉછાળ-રાજ'ની માગણી કરી-એટલે કે આકાશમાં લીંબુ ઉછાળ્યા બાદ જમીન પર પડે ત્યાં સુધીનું રાજ. આકાશમાં લીંબુ થોડી ક્ષણ જ ટકી શકે. મામાએ તો એટલી ક્ષણનું રાજ રાજીખુશીથી આપ્યું.

ચાલાક ભાણેજ મૂળરાજે લીંબુની આસપાસ માંસ વીંટાળી દીધું. આકાશમાં સમળીઓને એકઠી કર્યા બાદ એ લીંબુ આકાશમાં ફેંકયું. સમળીઓ તેને માંસનો ટુકડો સમજીને અદ્ધર ને અદ્ધર ઝીલીને ઉઠાવી ગઇ. લીંબુ નીચે પડયું નહિ અને રાજગાદી મૂળરાજ સોલંકીને કાયમ માટે મળી ગઇ.

આવી રીતે સમળી લોકકથાઓમાં આગળ વધે છે અને માતા કાળકાનું સ્વરૂપ પામે છે. કાળકા માતાને બત્રીસલક્ષણાનો ભોગ જોઇએ છે. બત્રીસલક્ષણો રાજા વીર વિક્રમ પોતે હાજર થાય છે. બાણું લાખ માળવાના ધણીનો ભોગ લેવાની માતા પોતે જ ના પાડે છે. તેને બદલે બીજા બત્રીસલક્ષણા વીરાજી પાસે માતા કાળકા રાતોરાત ઊપડે છે. એકદમ પહોંચવા માટે માતાએ પોતે સમળીનું રૂપ લીધું છે. ગટાટોપ વાદળાંને થપાટો મારતી સમળી પાંખો પછાડતી જાય છે અને પવનના સુસવાટા બોલી રહ્યા છે. વીરાજી એની મેડીમાં બેઠા બેઠા પત્ની સાથે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાતો કરી રહ્યો છે. એવે વખતે ઘરરર! સમળીને રૂપે માતાજી વીરાજીની મેડી માથે બેસે છે અને કડડડ કરતી મેડી હચમચી ઊઠે છે. એકદમ પહોંચવા માટે માતા કાળકાને પણ આ રીતે સમળીના શરીરનું રૂપ ધારણ કરવું પડયું હતું.

ઊડવાનો વેગ ધરાવતી આ સમળી સાથે તો પરદેશ વસતા પોતાના પતિઓને સ્ત્રીઓએ સંદેશા મોકલ્યા છે અને તેનાં ગીત અને રાસ જોડાયાં છે.

સમળી તો આપણે ત્યાં બારે માસ રહે છે, ત્યારે એની સાથે સંદેશા શા માટે મોકલ્યા હશે? એની ઊડવાની ઝડપને કારણે.

દિવસના કોઈ પણ વખતે આકાશ સામે નજર નાખજો. કયાંક ને કયાંક સમળી ઊડતી દેખાવાની. કલાકો સુધી તે ગામ માથે અને સીમમાં થાકયા વિના ચકરાવા માર્યા કરે છે. ઊડતાં જ તેને ખોરાક શોધવાનો હોય છે, તેથી એની પાંખોને પૂરેપૂરાં શક્તિ અને વેગ મળ્યાં છે.

ઘર માથે ફરતી કયારેક તે છોકરાના હાથમાંથી ઝોંટ મારીને બટકું ઉપાડી જાય છે. પાંખની થપાટથી નાનું બાળક પડી જાય છે અને ઘરમાં ધૂમાધૂમ મચાવે છે. કયારેક વળી બજાર માથે પહોંચી જાય છે. કોઈ ગામડિયાની પાઘડી પર એ ઝોંટ મારે છે અને અંદર ભરાવેલ નાસ્તા સાથે પાઘડીને ઉપાડી જાય છે. ગામડિયો પાઘડી માટે તેની પાછળ દોડાદોડ કરે છે અને આખી બજારમાં હસાહસ ચાલે છે.

તેની આ ઝોંટ કયારેક વગડામાં ભારે દીપી ઊઠે છે. ખેતરમાં નાના સાપ કે ઉંદરને નીકળતો ભાળે કે તેની આંખો નિશાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તાકે છે. ક્ષણવારમાં તે પાંખોને ખેંચેલા બાણના આકારે સંકેલી લે છે અને શરીરને ગોળો બનાવી દઈને નાના બૉંબની પેઠે નિશાન પર ફેંકે છે. પલકવારમાં તો ખોરાકને પગમાં પકડી આકાશમાં પાછી ઊપડી જાય છે. આ ઝોંટમાં માણસ આવી જાય તો તેને પણ શરીરને સ્થિર રાખવું મુશ્કેલ પડે.

પગમાં પકડેલો ખોરાક સમળી ઊડતાં ઊડતાં જ આવા લાગે છે. પંખીજાતમાં આ રીતે પગમાં ખોરાક પકડીને આવાની ટેવ બે જ પંખીને છે—પોપટને તથા સમળીને. પણ સમળીને તેનાં સગાં-વહાલાં નિરાંતે આવા નથી દેતાં. એકાદ સમળીના પગમાં ખોરાક આવે કે બીજી સમળી આવી પહોંચે છે. પહેલી સમળીને પાંખના ફટાકા મારીને કે પગની ઝોંટ મારીને તે ખોરાક પડાવી જાય છે. પણ તે આવા જાય તે પહેલાં ત્રીજી સમળીએ તેના પગમાંથી ખોરાક પડાવી લીધો હોય છે—જે કેટલીક વાર ચોથી સમળીના પગમાં જઈ પહોંચે છે. આ ઝોંટાઝોંટની રમત તો કયારેક 'છૂટ-દડી' રમતા છોકરાઓનો ખ્યાલ ઊભો કરે છે.

પણ સમળીને તેનાં સગાંવહાલાં કરતાં કાગડો ભારે હેરાન કરે છે. સમળીના પગમાં ખોરાક ભાળે કે કાગડો તેની પાછળ પડે. ચાંચો મારતો જાય અને ખોરાક પડાવવા મહેનત કરતો જાય. સમળી કયારેક પાંખનો ફટકો, તો કયારેક ચાંચનો ઝટકો મારતી જાય અને ખોરાક લહેરથી આરોગતી જાય. જો ઝાઝા કાગડા ભેગા થઈ ગયા તો તેને નાસ્યે છૂટકો.

ઊડવાનો અદ્‌ભુત વેગ ધરાવતી સમળી ગરુડના વર્ગનું શિકારી પંખી છે. શિકારી પંખીઓની પેઠે તેને પણ છેડેથી વળેલી તીણી ચાંચ અને જોરદાર વાંકા નહોરવાળા પગ મળ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. માંદાં પોપટ, પારેવાં, ચકલાં, ઉંદર, ગરોળી અને દેડકાંનો એ શિકાર કરી ખાય છે.

પણ એનો મુખ્ય આહાર તો સડતું માંસ, આપણો ગંદવાડ અને કોહેલું અનાજ છે. ગીધની સાથે તે મરેલ ઢોરનાં હાડપિંજર ચૂંથતી હોય છે. ગીધ ઊડી ગયા પછી નીચે પડેલા માંસના નાના લોચા ખાઈ જઈને જમીન તદ્દન સાફ કરી નાખે છે. ફળિયામાં કે ઉકરડામાં મરેલો ઉંદરડો કે કોહેલું અનાજ પડે કે તે ઉપાડી જવાની અને વારંવાર આવીને સાફ કરી જવાની. આ રીતે આપણા આંગણાનું તે ભંગીકામ કરે છે. અંગ્રેજીમાં તો એનું નામ જ પરિયા–ભંગી પડી ગયું છે. આ રીતે તે શરીરે સુંદર ન હોવા છતાં કર્મે ઘણી સુંદર છે.

એના ભંગીકામનો ઉપકાર આપણા લોકોએ ભાદરવા માસમાં વાળી દીધો છે. આ માસમાં પિતૃઓને દૂધ–ચોખાનું શ્રાદ્ધ નખાય છે. લોકો કાગડાને પિતૃઓ ગણે છે અને સમળીને ડોશીઓ માને છે. પિતૃઓનાં જડબાં જેરાવર હોય તેમ માનીને રોટલી કાગડા તરફ ફેંકે છે. ડોશીના દાંત પડી ગયા હોય તેથી ખીર ખીર સમળી તરફ ફેંકે છે. આથી રોટલી પડાવવા માટે કાગડા અને સમળી વચ્ચે લડાઈ જામે છે. બીચારી ડોશી ! મર્યા પછીયે એને સમળીને રૂપે લડવાનું જ રહ્યું !

સમળીને સાચેસાચું માન આપ્યું છે મદ્રાસીઓએ. મદ્રાસથી ૫૦ માઈલ દક્ષિણે આવેલ એક ગામને તેઓ 'પક્ષીપુરમ્' કહે છે. એ ગામ પાસેની ટેકરીની તળેટીમાં અને શિખર પર બે મંદિરો છે. એ ટેકરી પર મંદિરનો પૂજારી રોજ બપોરે ઘી, ચોખા અને ગોળની ખીર બનાવીને એક પથ્થર પર બેસે છે અને મંત્રો ભણે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બરાબર બાર વાગતાં બે સફેદ સમળીઓ ત્યાં આવી પહોંચે છે. પૂજારીએ ધરેલ પાણીની થાળીમાં તેઓ પ્રથમ ચાંચ ધોઈ લે છે. આ પાણીને પૂજારી ચરણામૃત તરીકે યાત્રાળુઓને આપે છે. ત્યારબાદ સમળીઓ પૂજારીએ ધરેલી ખીર ખાઈને ઊડી જાય છે. પછી બીજે દિવસે બરાબર બાર વાગે બંને સમળીઓ હાજર થાય છે. એકાએકથી આ રીતે સમળીઓ આવે છે અને આહાર લઈ જાય છે.

આ સમળીની આસપાસ અનેક કથાઓ રચાઈ ગઈ છે. કોઈ કહે છે કે આ બે સમળીઓ આગલે અવતાર સાધુ હતી, પણ સાધુપણામાં કાંઈક દોષ થઈ જતાં ભગવાને તેમને શાપ આપ્યો અને તેમને સમળીનો અવતાર આપ્યો. સમળીઓ થયા બાદ તેઓ આ જગ્યા પર આવીને રહ્યા અને આખી જિંદગી પશ્ચાત્તાપમાં ગાળી. લોકોએ તેમની આ ભક્તિ જોઈને તેમની પૂજા શરૂ કરી, ત્યાં મંદિર પણ ચણાવ્યાં અને તેમને રોજ ખીર ખવરાવવાની વ્યવસ્થા કરી દીધી. કોઈ કહે છે કે હજી પણ તે સમળીઓ જીવે છે અને રોજ ખીર ખાઈ જાય છે. કોઈ કહે છે કે હવે આવતી સમળીઓ પેલી સમળીઓની વંશજ છે. કોઈ કહે છે કે પ્રભુભક્ત આ સમળીઓ રાત્રે ઊડીને, સવારે સેતુબંધ–રામેશ્વર પહોંચે છે. ત્યાં પ્રભુને પ્રણામ કર્યા બાદ બપોરે 'પક્ષીપુરમ્' ખીર ખાવા આવી જાય છે.

પણ આખા વરસમાં માત્ર શ્રાદ્ધને વખતે સમળીને યાદ કરનાર આપણા લોકો પછી તેના તરફ નજર પણ નથી નાખતા. ગમે તે ઋતુમાં, ખાસ કરીને શિયાળામાં, બપોરને વખતે ફળિયામાં ખાટલો નાખીને આકાશ સામે નજર નાખજો. ઘડીક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમળી જાતજાતના પવનના સુસવાટા સામે વહાણને હંકાર્યે જતા સુકાનીની પેઠે આકાશમાં ઊડતી દેખાશે, ઘડીક ગમે તેવા વાવંટોળમાં રડર કાબૂમાં રાખીને વિમાનને સેરવ્યે જતા કાબેલ વિમાનીની જેમ સમળી સરકતી દેખાશે. પૂછડીને ઊંચીનીચી કરતી જાય, શરીરને વાળતી જાય, ફંગોળાતી જાય, નમાવતી જાય અને જમીન પરથી ગંધાતા પદાર્થોને ઉઠાવીને ખાતી જાય.

એને ઊડવામાં સૌથી વિશેષ મદદગાર એની પૂછડી બને છે. એના દેહમાં પૂછડી લગભગ અર્ધે સુધી પહોંચે છે. સમળી બેઠી હોય ત્યારે બેલાખિયા આકારે દેખાતી તેની પૂછડી ઊડતી હોય ત્યારે ઘણી પહોળી થઈ જાય છે. પહોળી થયેલી પૂછડી તેની પહોળી પાંખોને તથા શરીરને વિનાપરિશ્રમે તોળી રાખે છે અને આડાઅવળા ઝોક આપવામાં સુકાનની પેઠે મદદગાર થાય છે.

વર્ષો પહેલાં લંડનમાં તો અંગ્રેજ લોકો પોતાને ત્યાં આવનાર મહેમાનોને બપોરને વખતે શહેર બહાર સમળીઓને ઊડતી બતાવવા લઈ જતા. સમળીના ઊડવા પર તો અંગ્રેજીમાં કાવ્યો પણ લખાયાં છે.

તેની ઊડવાની ઝડપ જોઈને અંગ્રેજોએ તો તેની પાછળ બાજ અને શકરા છોડીને શિકારની મોજ માણવી શરૂ કરી હતી. ઊડવામાં વેગીલી સમળીઓ ભલભલા બાજને પણ હંફાવતી. પણ આ રમત ઘણી ખર્ચાળ હોઇ ઉમરાવો જ તે રમી શકતા. આથી તો સમળીનું ફ્રેંચ ભાષામાં નામ જ 'રાજશાહી' પડી ગયેલું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સવારને પહોર ઊઠતાંવેંત તે નદી કે તળાવનાં આભોચિયાં પર ચકરાવા લગાવવા શરૂ કરે. પાણીમાંથી માછલાં પકડતાં બગલાં પર ઝપટ મારતી જાય અને કયારેક માછલું પડાવી પણ જાય. મોટે ભાગે પાણી પર પડેલા કચરાને સાફ કરતી જાય. બે–ત્રણ કલાક ત્યાં ઊડયા બાદ કોઈ ઘર કે ઝાડ પર આરામ લે. બપોરે પાછી ગામ પર ચકરાવા શરૂ કરે. સાંજને વખતે નદીના કૂંફાળા વટમાં પહોંચી જાય અને કલાકો સુધી શાંતિથી આરામ કરે.

જેવી એની ઊડ વેગીલી છે તેવી એની ચીસ પણ તીણી અને તીવ્ર છે. 'ચી....લી....લી....લી' કરતી એની ચીસ કયારેક દૂરથી ઘોડીની તીણી હણહણાટીનો જ ખ્યાલ ઊભો કરે છે. તેથી તો ગામડાંના લોકો આકાશમાંથી તીણી ચીસ પાડતી સમળીને 'ભગવાનની ઘોડી' માને છે અને કહે છે.

જાન્યુઆરી–ફેબ્રુઆરીના દિવસોમાં તેની આ ચીસ વધારે તીણી બને છે. ત્યારે નર–માદા જોડાય છે અને માળો બાંધવાની શરૂઆત કરે છે. મોટે ભાગે બાવળ, બીજડો, લીંબડો કે આંબલીની ટોચ અથવા છેડાનાં બેલાળિયાં એના માળાનું સ્થાન બને છે. તે જંગલમાંયે માળો બાંધે અને ભરવસ્તીમાંયે માળો બાંધે. બાવળ–બોરડીની કરાંઠી અને નાની પાંદડીથી માળો તૈયાર કરે. માળામાં માટીનાં ઢેફાં, ચીથરાં અને ગાભા પણ ભરી દે. એના માળામાં છાણાના કટકા અને કયારેક તો આખું અડાયું છાણું પણ મળી આવે છે.

આપણે ત્યાં મનાય છે કે સમળી તેના માળામાં સોનાનાં ઘરેણાં મૂકે ત્યારે જ એનાં બચ્ચાંની આંખો ઊઘડે છે. તેના પરથી તો વાર્તાઓ પણ રચાઈ છે. એક ગરીબ વાણિયાની ડાહી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીકરા–વહુએ નમાલી ચીજ પણ સંધરી રાખવાનું ઘરનાને કહેલું. તેનો સસરો એક વખત મરેલ સાપ લાવ્યા તે તેણે ઘર પર નાખી મૂકેલો. એક દિવસે તે જ શહેરની રાણી નાહવા બેઠેલી. પાસે તેણે પોતાનો સોનેરી હાર કાઢીને મૂકેલો. સમળી તેને ખાવાની ચીજ ધારીને ઉપાડી ગઈ. ઊડી ગયા પછી તેને લાગ્યું કે આ ખાઈ શકાય તેવી ચીજ નથી. ઊડતી ઊડતી તે પેલા વાણિયાના ઘર પરથી પસાર થઈ. તેના ઘર પર તેણે મરેલ સાપ જોઈને હાર મૂકી દીધો અને સાપ ઉપાડી લીધો. વાણિયાની દીકરા–વહુએ હાર લઈને રાણીને પાછો આપ્યો. રાણીએ તેના પર ખુશ થઈને જબરું ઈનામ આપ્યું. ત્યારથી કહેવત પણ પડી ગઈ છે કે: 'સંધર્યો સાપ પણ કામ આવે.'

બાકી સોનાનાં ઘરેણાંથી સમળીનાં બચ્ચાંની આંખો ઊઘડે તે વાત તદ્દન ખોટી.

વગડામાં નાના છોડ પર આછા વાદળી રંગની ગોળ દડી થાય છે. ગામડાંનાં લોકો તેને 'સમળી–સૂતર' કહે છે. ગામડાંનાં છોકરાં તેને પોતાની નાડીએ બાંધી રાખે છે અને માને છે કે કોઈ છોકરો તેને ગાળ દેશે તો નહિ લાગે. આ 'સમળી–સૂતર' કોઈ જીવડાનું ઘર હોય છે. લોકો તેને 'સમળી–સૂતર' શા માટે કહેતા હશે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. રાજસમળી

હવે રાજાના બીજા કુંવરને પાણીકાંઠે વિષ્ણુ ભગવાને રાખેલ છે તે રાજસમળીની ઓળખાણ કરી લઇએ.



રાજસમળી

જેવું એનું નામ છે તેવા જ એનાં આપણી સમળીની સરખામણીમાં રૂપ રંગ અને ઘાટ છે. તેની ગરદન, ડોક અને અર્ધું પેટ સફેદ રંગનાં હોય છે, બાકીનો બધો ભાગ ઘોડા જેવા લાલ રંગનો. લાલ અને સફેદ રંગ પાસે પાસે હોવાથી એક-બીજાને વિશેષ તેજ અને શોભા આપે છે. આપણી સમળીથી ઘાટ નાનો, પણ પાણી પર સૂર્યના પ્રકાશ નીચે તે ઊડતી હોય ત્યારે નાનો ઘાટ વધારે શોભા આપે.

આખો દિવસ પાણી પર ઊડ્યા કરે અને માછલાં બાંધા કરે. એણે ધારેલું માછલું ઝલકલિયે વચ્ચેથી બાઇ જાય તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલકલિયાને જ તે ઉઠાવી જવાના દાખલા બને છે બરા. સમુદ્ર-કાંઠે તે વધારે રહે છે અને વહાણુ પરથી ફેંકાયેલ પદાર્થો બડી ચાતુરીથી ઝીલી લે છે. સમુદ્ર પર તરતા કોહાણુને પણ એ સાફ કરી નાખે છે. પરદેશથી હિંદમાં પ્રથમ વાર પગ મૂકતા પરદેશીઓને હિંદનાં પંખીઓમાં પ્રથમ પરિચય રાજસમળીનો થાય છે. તેના પછી આપણી સમળી અને કાગડા આવે.

તે પોતાનો માળો નદીકાંઠાની આસપાસ જ બાંધે છે. મોટે ભાગે તે પીપળ કે પીપળાના ઝાડને વિશેષ પસંદ કરે છે. તે ઝાડ પર ઊંચે ઊંચે માળા બાંધે. બચ્ચાંને ઉછેરવાની રીત આપણી સમળી જેવી જ.

ઉત્તર હિંદમાં તો તે વિષ્ણુનું સ્વરૂપ મનાય છે અને પવિત્ર ગણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આકાશવિહારી

ગીધ

એક દિવસે રાજા સોલોમન તેમની જાદુઈ શેતરંજી પર બેસીને ઊંચે ઊંચે આકાશમાં ઊડયે જતા હતા. અરેા બપેાર હતેા. સૂરજના તાપથી શરીર બળવા લાગ્યું, પણ છાંયેા કરવેા શેનાથી?



સફેદ કાખવાળું ગીધ

આસપાસ નજર કરી તેા ગીધ ઊડી રહ્યાં હતાં. ગળા અને માથા પર સેાનેરી ઝાલરથી શેાભતાં ગીધ દમામ-ભેર આમથી તેમ જઈ રહ્યાં હતાં. પશુ, પંખી અને માણસેા પર રાજ કરતા રાજા સેાલેામને ગીધેાને કહ્યું: 'મારા માથા પર ઊડતાં આવેા અને છાંયેા કરેા.'

શરીર–શણગારથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અભિમાની થઈ ગયેલાં ગીધોએ તેનો જવાબ પણ ન આપ્યો અને ચાલતાં થયાં.

તેમનું અભિમાન જોઈને રાજા સોલોમને શાપ આપ્યોઃ 'જાઓ, જે શણગારથી તમને અભિમાન આવી ગયું છે તે ઝાલર તમારા પરથી ખરી જશે અને તમે બોડકાં માથાંનાં થઈ જશો.'

તરત જ બધાં ગીધની ઝાલર ખરી પડી અને માથાં બોડકાં થઈ ગયાં. ગીધોને પોતાની ભૂલ સમજાઈ અને રાજા સોલોમન પાસે તે બદલ માફી માગી. માથાં બોડકાં થઈ ગયાં તેથી ત્યાં ટાઢ-તાપ વધારે લાગે. તેમાંથી બચાવવા તેમણે રાજાને પ્રાર્થના કરી. રાજાએ તેમના ગળા આસપાસ સફેદ ગલપટ્ટો આપ્યો. આજે પણ ગીધ ડોક દબાવીને બેસે છે ત્યારે એ ગલપટ્ટો નાની ઝાલરને રૂપે દેખાય છે.

રાજા સોલોમને સાચેસાચ શાપ આપ્યો હશે કે નહિ તે આપણને ખબર નથી–પણ ગીધને બોડકાં માથાં તો આશીર્વાદ-રૂપ છે, કેમકે એનો ખોરાક છે તાજું કે કોહેલું માંસ. જો માથા પર પીછાં હોય તો તેમાં માંસ ભરાઈ જાય અને કોહવાટ પેદા થાય.

માંસ પણ એ કેટલું બધું ખાય છે! આ પૃથ્વી પર દિવસ ઊગીને આથમતાં સુધીમાં અસંખ્ય પશુ-પ્રાણીઓ અવસાન પામે છે. પશુઓનાં ચામડાં ઉતારી લીધા બાદ માંસના લોચાથી ભરેલાં એમનાં હાડપિંજર એમ ને એમ પડયાં રહે છે. કૂતરાં–બિલાડાં જેવાં પ્રાણીઓને તો આખાં ને આખાં ગામ બહાર ફેંકી દેવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવાં પ્રાણીઓ જ્યારે ગંધાતાં પડયાં હોય છે, લોકો તેની બદબોથી ગાઉના ગાઉ દૂર ભાગતાં હોય છે, ત્યારે ગીધ ત્યાં પહોંચી જાય છે અને તે સડાની સાફસૂફી આદરે છે. થોડા સમયમાં એ બધી ગંદકી અને સડાને તેઓ સાફ કરી નાખે છે. જનસમાજ અસ્વચ્છ વાતાવરણ અને રોગચાળાથી બચી જાય છે. આ ઉપરાંત વનવગડા અને પહાડ–કોતરોમાં તો અસંખ્ય પશુઓ અવસાન પામે છે–કેટલાંક પોતાને મોતે મરે છે અને કેટલાંકને શિકારી પશુઓએ મારી નાખેલાં હોય છે. એવાં અસંખ્ય મુડદાંને પણ ગીધો જ ઠેકાણે પાડે છે અને પૃથ્વીના અંધારા ખૂણાને પણ બદબોથી બચાવી લે છે.

શબોની સાફસૂફી માટે ગીધને અંગો પણ અનુકૂળ મળ્યાં છે. પૃથ્વી પર શબ આવી પડયું છે તે જાણવા માટે તેને નજર ઘણી તીક્ષ્ણ મળી છે. આખો દિવસ તેઓ ઊંચે ઊંચે છૂટાં છૂટાં ઊડયા કરતાં હોય છે અને પૃથ્વી પર નજર ફેંકયે જતાં હોય છે. તેમાંથી એકાદની નજરે શબ પડે કે સડસડાટ એ નીચે ઊતરે. એકને ઊતરતું દેખીને પાસે ઊડતું બીજું ગીધ એની પાછળ પરવરે. એની પાછળ ત્રીજું, ત્રીજાની પાછળ ચોથું–એમ એક પછી અનેક ગીધ ઊતરી પડે છે. થોડી જ મિનિટોમાં ગીધનાં ટોળેટોળાં ઊતરી પડે છે અને શબને ખાવાનું શરૂ કરી દે છે.

શબને દેખીને ગીધ આવી પહોંચે છે કે તેની ગંધ પારખીને આવે છે તે વિષે પ્રથમ ઘણો મતભેદ હતો. સાચી વસ્તુ જાણવા માટે ગીધ પર કેટલાક પ્રયોગ પણ થયા.

ડાર્વિન નામના એક વૈજ્ઞાનિકે થોડાંક ગીધને દીવાલ પાસે હારબંધ ઊભાં રાખ્યાં. ત્યારબાદ એક કાગળમાં માંસ વીંટીને ત્રણ જ વાર દૂરથી એ પસાર થયો, પણ કોઈ ગીધે નજર ન નાખી.

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી તેણે એમની પાસે માંસને એ જ રીતે કાગળમાં વીંટીને ફેંકયું, પણ કોઈ ગીધે તે તરફ જોયું પણ નહિ. છેવટે તેમના પગ પાસે એ માંસ નાખ્યું, ત્યારે ગીધોને ખબર પડી.

બીજા એક વૈજ્ઞાનિકે કેન્વાસની ઉપર તાજું માંસ રાખ્યું અને નીચે કોહેલું–ગંધાતું માસ મૂકયું. એ માંસ ખાવા ગીધોને આવવા દીધાં. ગીધ કેન્વાસ ઉપરનું તાજું માંસ ખાઈ ગયાં, પણ નીચે પડેલા માંસની ખબર પણ ન પડી. કેન્વાસમાં કાણું પાડયું ત્યારે તેમને ખબર પડી અને માંસને ખાઈ ગયાં.

સહરાના રણમાં વિશાળ વિસ્તાર વચ્ચે એકાદું ઊંટ મરી જાય અને જરા પણ વાસ મારી ઊઠે તે પહેલાં તો એ શબને ખાઈ જવા માટે સેંકડો ગીધ ઊતરી પડે છે. થોડી જ વારમાં ઊંટનાં હાડકા સિવાયનાં એકેએક અંગને તેઓ સાફ કરી નાખે છે.

ઉપરના દાખલા અને અખતરા પરથી સાબિત થયું છે કે ગીધ પોતાની નજર વડે જ શબ–સમાચાર મેળવે છે. આપણા જનસમાજને તો તેમની આ શક્તિનો ખ્યાલ છે. ગીધનું બીજું નામ છે બેરો. સારી નજરવાળા માણસને લોકો 'એની આંખ તો બેરા જેવી છે' એમ કહે છે.

આપણા લોકો માને છે કે ગરજ (ગીધ) પંખીની નજર બાર બાર ગાઉ સુધી પહોંચી શકે છે. એ ઉપરાંત કહેવત પણ છે કે, ગરજની આંખને માંસ, મોરના કાનને અવાજ અને કીડીના નાકને ગોળની ખબર ગમે ત્યાં હોય તોયે પડી જાય છે.

આંખ અને માથાની જેમ તેને ચાંચ પણ મજબૂત મળી છે. શબમાંથી માંસના લોચા તોડવા તથા ઉતરડવા માટે તેની ચાંચ પૂરેપૂરી મજબૂત, છેડેથી વાંકી તથા અણીદાર હોય છે. એમાં મદદગાર બને છે તેના પગ. પગ વડે મડદાને દબાવી રાખે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ચાંચથી લોચા તોડયે રાખે. પગ બરાબર હાથનું જ કામ આપે છે.

અસંખ્ય મડદાંને સાફ કરી જવા માટે સૌથી વિશેષ મદદગાર થાય છે તેમનો આંધળો સ્વભાવ. સામે પડેલું મડદું સાફ ન થાય ત્યાં સુધી તેઓ આંધા જ કરે. ઘડીક બેસે, ઘડીક ખાય, ઘડીક અંદરોઅંદર લડે, વળી આવા લાગે—આમ આંધા જ કરે. ધરાય ત્યાં સુધી ખાય અને ધરાઈ રહ્યા પછીયે ખાય. ગળોગળ આવી જાય ત્યાં સુધી આંધા જ કરે. ભલે પછી હલીચલી શકે નહિ અને ત્યાં ને ત્યાં બેસી રહેવું પડે, તોયે આંધા જ કરે. પાણો મારો તોયે ઊડવાની તાકાત રહી ન હોય. યુરોપમાં એક જાતનું ગીધ થાય છે તે ખાઈ ખાઈને આડું પડી જાય તો પડયું પડયું પણ આંધા કરે—ભલે પછી મોઢામાંથી માંસના લોચા ઊભરાઈ પડે અને બીજાં પંખી એના મોઢામાંથી જ લોચા આવા લાગે!

કોઈ ગીધને ગળે કોથળી જેવું હોય છે. તેમાં તેઓ વધારાનું માંસ ભરી રાખે છે. શબ—સફાઈ બાદ ઝાડ પર બેસીને, બેંસ બડ વાગોળે તેમ, કોથળીમાંથી માંસ પાછું કાઢીને એ વાગોળ્યા કરે.

માંસ ખાતાં ખાતાં આગળ વધીને કોઈ કોઈ ગીધ હાડકાં ખાતાં પણ દેખાયાં છે. સ્પેનનું એક ગીધ હાડકાં બહુ ખાય છે, તે પરથી તેનું નામ જ 'હાડકાં ભાંગનાર' પડી ગયું છે.

ગીધ આટલેથી જ નથી અટકતાં. તેઓ શિકાર પણ કરી જાણે છે. યુરોપમાં કોઈ કોઈ મોટાં ગીધ ઘેટાં, શિયાળ, કાચબા વગેરેને પ્રથમ ઝપટો મારી મારીને પાડી નાખે છે, ત્યાર બાદ તેમને આકાશમાં ઉપાડી જઈને નીચે ફેંકી દે છે ને પછી તેને નિરાંતે ખાંધા કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આફ્રિકાનું એક ગીધ સાપનું ભારે રસિયું છે. ગમે તે સાપને દેખે કે તે એની પાસે જઇ પહોંચે અને પાંખો મારી-મારીને સાપનાં હાડકાં ભાંગી નાખે. ત્યારબાદ પૂછડીથી ખાવાની શરૂઆત કરે. સાપને ખાતી વખતે તેની ફેણની ઝેરી ઝપટો-માંથી છૂટવા માટે કુદરતે એક સગવડ આપી છે. એ ગીધના માથા પર પીછાં હોય છે. સાપ ફેણ મારે કે તે પીછાં આડાં ધરે અને ઝપટને ઝીલી લે છે. એની સાપ મારવાની આ શક્તિને કારણે સાપથી બચવા આફ્રિકાના લોકો તેને બાસ પાળે છે.

આ રીતે માનવ–સમાજને અનેક રીતે મદદગાર થતાં ગીધને આપણા લોકો પવિત્ર માને છે. રામભક્ત જટાયુનાં વંશજ તેઓ મનાય છે.

જટાયુ પોતે પણ સીતાજીને માટે દેહ આપીને રામાયણ-માં અમર બની ગયા છે. સીતાજીનું પંચવટીમાંથી હરણ કરીને રાવણ લંકા તરફ જઇ રહ્યો હતો ત્યારે સીતાજી ચીસો પાડી રહ્યાં હતાં. એ ચીસો સાંભળીને જટાયુ આવી પહોંચ્યા અને રાવણ સાથે યુદ્ધ આરંભ્યું. પોતે વૃદ્ધ અને નિર્બળ હોવા છતાં રાવણને અનેક પ્રકારે યુદ્ધ આપીને તોબા પોકા-રાવી દીધી. અંતે થાકીને તેઓ નીચે પડી ગયા ત્યારે રાવણે તેમની પાંખો કાપી નાખી. રામનું સ્મરણ કરતાં જટાયુ ત્યાં પડયા રહ્યા. રામ જ્યારે ત્યાંથી નીકળ્યા ત્યારે જટાયુએ સીતા-જીના ખબર આપ્યા અને રામની સન્મુખ પ્રાણ છોડયા.

રામ તેમની ભક્તિ પર ખુશ થઇ ગયા. સીતાજીને માટે પ્રાણ દેનાર એ પંખીને પિતાતુલ્ય ગણીને રામે અગ્નિ–સંસ્કાર અને પિંડ–દાન પણ દીધું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮. ગીધ અથવા ગરજાડાં

રામભક્ત જટાયુના વંશજ–સ્વરૂપ આરેક જાતનાં ગીધ આપણે ત્યાં વસે છે. ગામને પાદર મરેલ ઢોર ચીરવાના સ્થાન પર અને તેની આસપાસ વસનારાં આ ગીધને લોકો 'ગરજ', 'ગરજાડાં' કે 'ખેરા'ને નામે ઓળખે છે. એ ગીધને ઓળખવાનું ખાસ નિશાન તેની સફેદ કાખ. પાંખ ઊંચી કરે કે નીચે સફેદ પટ્ટો દેખાય.

આ ગીધ ગામની આસપાસ રહે છે, જંગલમાં પણ રહે છે, અને ડુંગરોમાં તો હજારોની સંખ્યામાં વસે છે. તમે કદી ગિરનાર જાઓ તો એની ભેંકાર ખીણો માથેની ટૂકો પર નજર ફેંકજો. એકસોથી માંડીને હજાર હજાર ગીધોની હારમાળા તેના પર બેઠેલી નજરે પડશે.

ગિરનાર જ શા માટે ? કોઇ પણ ડુંગરમાં તેમનો વાસ હોય છે. પહાડની ખીણોમાં પોતાને મોતે કે શિકારી પશુઓને હાથે મરતાં પ્રાણીઓને તેઓ સાફ કરતાં રહે છે અને આરામ કરવા ડુંગરોની ટૂકો પર આવી પહોંચે છે. કાળમીંઢ પથ્થરો જેવો જ એમનો રંગ હોઈને કયારેક ટૂકથી એમને જુદાં તારવવાં પણ મુશ્કેલ પડે.

કેવો એનો રંગ છે ? એક જ નજર ફેંકતાં ઘેરો ધુમા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડિયો રંગ દેખાય. એમાં વિવિધતા માત્ર બે જ સ્થળે–એક પીઠ પર અને બીજી પાંખોના નીચેના ભાગમાં. બંને સ્થળે જબરાં સફેદ ચગદાં. બેઠું હોય ત્યારે પીઠનું ચગદું લાંબી સફેદ લીટી જેવું દેખાય ને ઊડે ત્યારે એની કાખનાં ચગદાં દેખાય. કાખની અંદર આ ચગદાંને કારણે જ વેદકાળનું એનું નામ છે–'શિતિકક્ષી': સફેદ કાખવાળું.

ધુમાડિયા રંગ પર વાળ વિનાનું ચાટવા જેવું ગોળ બોડકું માથું હોય. બેસે ત્યારે ડોશીની જેમ ડોક દબાવીને બેસે. એની આસપાસ ગલપટ્ટો વીંટેલો હોય એવી આછી રુવાંટીની ગોળ ઝાલર. આટલાં લક્ષણોથી આ ગીધ એકદમ ઓળખાઈ જાય.

ગંદો આહાર ખાતા અને બેડોળ શરીરવાળા આ પંખીનું સૌંદર્ય તો આકાશને આરે દેખાય છે. 'ફર્....ફર્....ફર્....' એવા પાંખોની ઝાપટોના અવાજે, એરોપ્લેનની પેઠે, પગ પર થોડેક સુધી દોડીને, એ પોતાના દેહને આકાશમાં ઊંચકી લે છે. ઘરમાં બેઠા હોઈએ ત્યારે ઉપરથી પસાર થતાં હોય તો એની પાંખોની જોરદાર સુસવાટી સંભળાય.

આ રીતે આકાશમાં ૨૫–૩૦ ફીટ ઊંચે ચડી જાય પછી એનું ગૌરવ ઊભું થાય છે. એની અણીદાર પાંખોના એક છેડાથી બીજા છેડા સુધી સફેદ પટ્ટો ચાલ્યો જતો હોય છે. એની એક બાજુ ઝાલર જેવી પાતળી કાળી કિનાર ચાલી જતી હોય છે. સાત–આઠ ફીટ લાંબી બંને પાંખો વચ્ચે દબાઈ ગયેલ ડોક અને પૂછડી તો બહાર દેખાતાં પણ નથી.

માત્ર પાંખથી જ સુંદર દેખાતું ગીધ, પાંખથી હવાને દબાવીને ચકરાવા લેતું ઊંચે ચડતું જાય છે. ઊંચે, ઊંચે, ઊંચે ઊડતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ જાય છે, ઊડતું જ જાય છે. આઠ ફીટની એની પાંખો માત્ર ટપકા જેવડી બની જાય ત્યાં સુધી ઊંચે ઊડયે જ જાય છે. આટલે ઊંચે ચડેલ ગીધના ચકરાવા કેવા મનોહારી હોય છે!

સમુદ્ર પર વિહરતા નાવને કદી જોયું છે? એને તો ક્ષિતિજનાં બંધન હોય છે, પણ ગીધને તો વિશાળ આકાશમાં ઊડતી વખતે ક્ષિતિજનાં બંધન પણ આડે નથી આવતાં. એ ઊડતું જાય છે અને અદૃશ્ય લિસોટા પાડતું આપણી નજરને ખેંચે જાય છે–દૂર દૂર, અભેદને આરે આપણી નજરને એ ખેંચ્યે જ જાય છે. આ રીતે એક જ ગીધ નહિ, પણ અસંખ્ય ગીધ બપોરને વખતે આકાશના વિશાળ વિસ્તારમાં વિહરવા લાગે છે ત્યારે તો અદ્‌ભુત સૌંદર્ય ઊભું થાય છે.

એક ગીધ આકાશના આ છેડાથી બીજા છેડા સુધીના વિસ્તારને મળવા દોડતું દેખાય છે. બીજું ગીધ નાના નાના ચકરાવા લેતું ઊંચે ચડતું જતું હોય છે. કોઈ ગીધ વિશાળ ચકરાવા લેતું પાસે અને દૂર ઘૂમ્યા કરતું હોય છે. કોઈ ગીધ તીરવેગે નીચે આવી, ગુલાંટ મારીને પાછું ઊંચે ચડી જતું હોય છે. પણ આ બધાંથીયે દૂર, મોટા ભાગનાં ગીધ તો યોગીની સમાધિની જેમ વિશાળ ચકરાવા લેતાં વિહર્યા કરતાં જ હોય છે–જાણે કશું કામ નથી, ઉતાવળ નથી, સ્થિર ગતિએ કલાકો સુધી જાણે ઊડયા જ કરવું છે–ઊડયા જ કરવું છે.

કયારેક ઉનાળાનો શુષ્ક બપોર પસાર ન થતો હોય તો આ સૌંદર્ય નીરખજો. ઘરની બહાર ખુલ્લામાં છાંયે ખાટલો નાખીને પડયા પડયા ઊડતાં ગીધને જોયા કરજો. એમનું મનો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હારી ઉડ્ડયન નીરખતાં કલાકો વીતી જશે, પરંતુ ખબરેય નહિ પડે કે કેટલો સમય ચાલ્યો ગયો છે.

આવી મનોહારી રીતે અનંતને આરે ઊડવા છતાં, પૃથ્વી પર શબ દેખાયું કે આવી પહોંચવાનાં. ઘડી પહેલાં અગણિત સંખ્યાથી આકાશપટને આવરી લેતાં ગીધ તરત જ એ વિસ્તાર ખાલી કરીને શબ સાફ કરવા આવી જાય. શબ ખાતાં ખાતાં સમળીઓ, કૂતરાં, શિયાળ અને કાગડા સાથે લડતાં જાય. અંદરોઅંદર પણ લડે. માંસના લોચા ઉડાવતાં જાય અને ગળા-માંથી 'ઘરર્‌ર્‌' એવો અવાજ કર્યે જાય. આઘાં જાય, પાછાં આવે અને કલાકો સુધી માંસ ખાધા કરે. ખાઈ લીધા બાદ પાસેના ઝાડ પર બેસીને કયાંય સુધી પેટમાં પડેલ આહારને પચાવ્યા કરે.

ગીધના રહેઠાણની નીચે લંબગોળાકારના નાનામોટા ટુકડા પડયા હોય છે. આ ટુકડા તેમના ઓગાળના હોય છે. શબનો આહાર કરતાં તેમાં આવેલ ધૂળ, વાળ, છાણ, ઊન વગેરે એકઠાં કરીને આ ઓગાળને સ્વરૂપે તેઓ કાઢી નાખે છે.

માળા મોટે ભાગે પીપળ, પીપળા, વડ વગેરે ઊંચાં ઝાડ પર ઊંચે ઊંચે બાંધે. માળાનો વિસ્તાર ને આકાર મોટા સૂંડલા જેવો બની જાય. ખૂબ ઊંચે બાંધે તેથી લાંબી પાંખો પર ઊડતાં ઊડતાં સીધાં માળામાં આવીને સહેલાઈથી બેસી શકે છે.

માળામાં જાડી જાડી કરાંઠીઓ મૂકે. વચમાં ગોળાકાર માળો બનાવે તેમાં માત્ર એક જ ઈંડું મૂકે. બચ્ચાને માળામાં બેઠાં ઘણા સમય સુધી દૂર દૂરથી માંસ લાવીને ખવરાવે ને મોટું કરે. આ રીતે માંસ મેળવીને ખવરાવવું મુશ્કેલ. તેથી જ કદાચ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગીધ એક ઈંડું મૂકતાં હશે. ગીધ ઈંડાં મૂકે જાન્યુઆરી માસમાં. બચ્ચાં માર્ચ–એપ્રિલમાં ઊડતાં થઇ જાય.

જે ઝાડ પર ગીધે માળો બાંધ્યો એના જોઇ લો હાલ–હવાલ ! એના માળા આસપાસની અને નીચેની બધી ડાળીઓ ગીધની સફેદચરકથી ભરાઈ જાય અને ગંધાઈ ઊઠે. તે ડાળીઓને હાથ અડાડીએ તો હાથ પણ ગંધાઈ ઊઠે. આથી તો વાડીવાળા પોતાના ઝાડ પર ગીધને માળો બાંધવા નથી દેતા.

એક વખત જે ઝાડ પર માળો બાંધ્યો હોય તેને દર વર્ષે સુધારીને વાપર્યા કરે. માળાવાળા ઝાડની ડાળીઓ પર અને નીચે ચરકના થર ચડયે જ જાય. આસપાસનાં ડાળપાંદડાં દૂરથી પણ જોઈ શકાય તેટલાં સફેદ થઈ જાય.

એના આવા ગંધારા માળાનો કયારેક આળસુ ઢેલ ઈંડાં મૂકવામાં ઉપયોગ કરે છે. ઢેલ ઈંડાં જુલાઈ–ઓગસ્ટમાં મૂકે છે તેથી ગીધની સાથે માળા માટે લડાઈ નથી થતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. રાજગીધ

બધાં જ ગીધ બેડોળ હોય છે એવું સૌ માનતા. તેજ વિનાના રંગ ધરાવતા ગીધ–સમાજની 'રાજગીધે' લાજ રાખી છે. એના દેહ, દમામ અને રંગ પરથી જ એનું નામ 'રાજગીધ' પડી ગયું છે.



રાજગીધ

એના દેહ પરનો કાળો રંગ ગીધ કરતાં વિશેષ ચળકતો હોય છે. એનું માથું લાલ રંગનું હોય છે. લાલ માથાની નીચે જ બંને બાજુ કાન પર ચળકતા લાલ રંગની ઝાલર લટકતી હોય છે–બરાબર કૂકડાના માંજર જેવી જ. છાતી અને સાથળ પર સફેદ ચગદાં. બેઠું હોય ત્યારે એ ચગદાં દેખાય. દેહ પણ નાનો અને ઘાટીલો. આવા દેહની નીચે શોભા વધારે છે લાલ રંગના પગ. ઝાડ પર બેઠું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય ત્યારેયે એનો દમામ રાજશાહી લાગે. ગીધ આસપાસ નજર કરે ત્યારે કોણી જેવાં દેખાય, પણ રાજગીધ તો નજર ફેંકે છે દમામ અને ગૌરવથી.

એનો સ્વભાવ પણ એના દેખાવ જેવો તીખો છે. ગીધનાં ટોળાં વચ્ચે એકાદ બે રાજગીધ આવે તો બધાં બસીને માર્ગ આપી દે. એ બાતું હોય ત્યાં સુધી કોઈ એની પડખે જવાની હિંમત ન કરે.

તેઓ ઊડે પણ ભારે દમામથી. ઊડતાં ગીધની પાંખ વચ્ચે એક છેડાથી બીજા છેડા સુધી સળંગ સફેદ પટ્ટો દેખાય, રાજગીધને વચલે ભાગે બે સફેદ ચગદાં જ દેખાય.

રાજગીધની સંખ્યા ઘણી ઓછી છે. ગીધના પચાસ-સોના ટોળામાં એકાદ-બે જ નજરે ચડે. તેઓ પણ શિયાળામાં પીપળ, વડ કે પીપળા જેવાં મોટાં ઝાડ પર માળા બાંધીને ઈંડાં મૂકે છે.

ઈંડાં મૂકવાં, બચ્ચાં ઉછેરવાં, આકાશમાં ઊડવું અને શબની સફાઈ કરવામાં ગીધ જેવો જ એમનો વ્યવહાર હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. ઘુઘડ અથવા સફેદ ગીધ

ત્રીજી જાતનું એક વિચિત્ર ગીધ જોવું છે ? તો ચાલો મારી સાથે. ગામની બહાર, જ્યાં પાયખાનાંનું મેલું ઠલવાય છે ત્યાં તમારે આવવું પડશે. ગામની બહાર લોકો હમેશાં શૌચ કરવા જાય છે ત્યાં પણ આવવું પડશે. ગંદકીની બદબોથી નાકે લૂગડું ધરવું પડે તો બિજાઇ નજતા, કેમકે અહીં જ તે ગીધ વસે છે.



ઘુઘડ અથવા સફેદ ગીધ

ગીધ જેને સૂંઘે પણ નહિ એવી ગંદકીને એ સાફ કર્યા કરતું દેખાશે. આથી તો ગંધાતાં ગીધોમાંયે તેને હલકું સ્થાન અપાઇ ગયું છે. લોકો તેના તરફ નજર કરતાંયે નાકનું ટીચકું ચડાવે છે. અંગ્રેજોએ તો એનું નામ જ 'ભંગી–ગીધ' પાડી દીધું છે. ભંગીઓ આખા ગામનું મેલું ભેગું કરીને દૂર દૂર ખેતરોમાં ઠાલવી આવે છે તેને આ ગીધ સાફ કરી નાખે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેવો છે એનો આકાર અને રંગ ? બધાં ગીધમાં આ ગીધ સાથી નાનું છે. દેહ સમળીથી સહેજ મોટો. બીજાં ગીધ જેવી લાંબી ડોક નહિ, પણ સમળી જેવી જ ડોક. એની પીળી લાંબી ચાંચવાળા બોડકા માથા પાછળ પીછાંની ઝાલર હોય. પગ પણ પીળા. પાંખો સફેદ. પાંખોના છેડા કાળા. તે ઊડે ત્યારે એ છેડા દેખાય.

એનાં ઘાટ અને કદ પરથી તમે એને સમળી જ કહી દેવાના. આપણા લોકો પણ એને 'સફેદ સમળી'ના નામથી જ ઓળખે છે, પણ તે સમળી છે જ નહિ. એની ડોક અને દેહ પરથી નક્કી થાય છે કે એ તો ગીધ છે. આપણા લોકો એને 'ઘુઘડ'ના નામથી પણ ઓળખે છે.

આ ઘુઘડને તેના સફાઈકામ માટે મિસરના લોકો જૂના કાળમાં પૂજતા. તેઓ ઘુઘડને દેવસ્વરૂપ રાજાનું બાળક કહીને જ બોલાવતા અને પૂજનીય ગણુતા. તેનો માળો પણ ઘણો પવિત્ર ગણાતો. લોકો તેના પર લૂગડાના કટકા બાંધી આવતા. માળા-માંથી બચ્ચાં ઊડી ગયે કટકા પાછા લઈ આવતા અને ઘરમાં ઠેર ઠેર બાંધી રાખતા. આથી તેઓ અશુભનું નિવારણ થયું છે એમ માનતા. એ કટકાને ખાસ કરીને બાળકને ઘોડિયે બાંધતા અને તેથી બાળકને ઓડઝપટ કે ભૂતપ્રેતથી સુરક્ષિત માનતા.

તેઓ આ ગીધને મરી ગયા બાદ પણ સાચવી રાખતા અને પૂજા કરતા. મરી ગયેલ ગીધનો દેહ સડી ન જાય તે માટે અંદર સુગંધીદાર મસાલા ભરી રાખતા. આ રીતે સાચવી રાખેલાં ગીધનાં બોખાં સદીઓ પછી પણ સુરક્ષિત સ્થિતિમાં મળી આવ્યાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘુઘડ ઉનાળામાં માળો બાંધે છે અને ઈંડાં મૂકે છે. ગીધની પેઠે એ પણ જ્યાં માળો બાંધે એ ઝાડ ગંધાઈ ઊઠે. વધારામાં, બે–ત્રણ–ચાર ઘુઘડ એક જ ઝાડ પર માળો બાંધે છે તેથી ઝાડ વિશેષ ગંધાઈ ઊઠે છે.

માળા પણ જુઓ તો ગંદા અને ગોબરા. એમાં વાળ, ઊન, ચીથરાં અને માટી એવો કૂચો ભર્યો હોય. તેમાં વિશેષ ગંદવાડ કરે એની પોતાની ચરક. માળાની ઉપરના જ ભાગની ડાળીએ બેસીને ઘુઘડ ચરકયા કરે અને માળાને પણ બગાડયા કરે. આસપાસની ડાળી અને પાંદડાં સફેદ રંગનાં થઈ જાય.

ઈંડાં બેથી ત્રણ ભૂખરા સફેદ રંગનાં મૂકે. એમાં આછાં છૂંદણાં પણ હોય. ઘુઘડનાં બચ્ચાંની પાંખો બાળપણમાં આછા ધુમાડિયા રંગની હોય છે તેથી ઘણીવાર એ જુદી જાતનું ગીધ હશે એવી ભૂલ ખાઈ જવાય અરી. ચાંચ તો પીળી જ હોય છે. બચ્ચાં પુખ્ત ઉંમરનાં થતાં એમની પાંખો, તેમનાં માતાપિતાની પેઠે, સફેદ રંગની થઈ જાય છે.

पुस्तकालय
गुरुकुल कांगड़ी
CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પક્ષી-પરિચય ગ્રંથાવલિ

લે ખ કો

નિરંજન વર્મા · જયમલ્લ પરમાર

આપણી આસપાસ વસતાં અને બાળકોની માંડી બુદ્ધિને સૌંદર્ય, નૃત્ય ને સંગીતથી અહોરાત આનંદ આપતાં ચાલીસ જેટલાં પંખીઓનો અનુભવ-કિશોરો રસપૂર્વક વાંચી શકે તેવો વાર્તામય પરિચય આપતી છ પુસ્તિકાઓ.

[૨] **આંગણાંનાં શણગાર**—ચાંચી કરતી ચકલી, ઘૂઘૂ કરતું પારેવું અને કલબલાટ કરતી કાબર તમારાં આંગણાંનો શણગાર છે. એ શણગારનું સૌંદર્ય તમે કદી નીરખ્યું છે ?

[૨] **ઊડતાં ભંગી**—જ્યાં આપણા ભંગીઓનું કામ અટકે છે ત્યાંથી પંખીસમાજનાં કાગડો, સમળી અને ગીધ સાફસૂફીનું ભંગીકાર્ય શરૂ કરે છે. એમનું એ શુભકાર્ય તમે જોયું છે ?

[૩] **વગડામાં વસનારાં**—વગડા, ખેતર અને ગાડામાર્ગો પર કદી રખડવા ગયા છો ? એ સ્થાનોને જીવંત બનાવતાં લેલાં, હોલાં અને લક્કડખોદ તરફ તમારું ધ્યાન ગયું છે ?

[૪] **રૂપરૂપનાં અંબાર**—જેમનાં સૌંદર્ય નીરખવામાં માનવી કદી થાકતો નથી તેવાં સૌંદર્યમણિ મોર, પોપટ ને કલકલિયાનાં દર્શન તમે નિકટ જઈને કર્યાં છે ?

[૫] **કંઠે સોહામણાં**—રાતદિવસ લગાતાર સાંભળો તોયે રસ ન ખૂટે એવાં કોયલ, બપૈયો અને કાળાકોશીનાં ગાન તમે કદી આનંદપૂર્વક સાંભળ્યાં છે ?

[૬] **પ્રેમી પંખીડાં**—જોડી તૂટતાં માથાં પછાડીને મરી જતાં કહેવાતાં સારસ, કુંજ અને હંસનાં તમે નિરીક્ષણ કર્યાં છે ?

ઉપરોક્ત છયે પુસ્તિકાઓ માત્ર રૂ. ચારના

ભારતી સાહિત્ય સંઘ, કોટ, મુંબઈ – અમદાવાદ - ૬

આ છયે પુસ્તિકાના બ્લૉકો વાપરવા આપવા માટે
અને ગાડિનાવાડ લિ. સાબરમતીના આભારી છીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar